Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/આધાર/૨૦૨૨/વશી.૫૪/૩૦૪૫-૪૯

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા. ૨૪/૦૨/૨૦૨૨ (૨૫)

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ
સુરત, જિ.સુરત

વિષય :- ધોરણ ૯ થી ૧૨ નાં વિદ્યાર્થીઓનાં આધાર એનરોલ્મેન્ટ અને અપડેશન બાબત.
સંદર્ભ :- કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : આઈ.ટી.સેલ / આધાર / ૨૦૨૧/૨૦૧-૨૭૧ તા.૨૧/૦૨/૨૦૨૨

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરીને કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ નવી આધાર કીટ એક્ટીવેશન અને આધાર ઓપરેટર એક્ટીવેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. સદર પ્રક્રિયા થયા બાદ મશીન એક્ટીવેશન તેમજ ટુ સ્ટેપ વેરીફીકેશન જેવી કામગીરી કરવાની રહે છે જેમાં અંદાજીત ૧ મહિનાનો સમય લાગી શકે તેમ છે તેમજ કોવીડ-૧૯ ની પરિસ્થિતિને કારણે શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ નાં ઘણા વિદ્યાર્થીઓના આધાર એનરોલ્મેન્ટ અને અપડેશનની કામગીરી પડતર છે.

હાલ અત્રેની કચેરીને ફાળવેલ આધારકીટ/ઓપરેટર એક્ટીવ ન થાય ત્યાં સુધી તથા ધોરણ ૯ થી ૧૨ નાં વિદ્યાર્થીઓનાં આધાર એનરોલ્મેન્ટ અને અપડેશન કામગીરી ઝડપથી પૂર્ણ કરી શકાય તે હેતુથી આપની નજીકની શાળામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીના તાબાની અથવા શાસનાધિકારી કચેરીની આધારકીટ કાર્યરત હોય ત્યાં આપની શાળાના બાકી રહેલ ધોરણ ૯ થી ૧૨ નાં વિદ્યાર્થીઓનાં આધાર એનરોલ્મેન્ટ અને અપડેશનની કામગીરી સત્ર પૂર્ણ થાય તે પહેલા પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- ઉપર મુજબ

(એચ.એચ.રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

નકલ રવાના :-

૧. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, જિલ્લા પંચાયત, સુરત
૨. શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત
  ૨/- આપની કક્ષાએથી નીયમાંનુસારની કાર્યવાહી કરવા સારું.
૩. તમામ શિક્ષણ નિરીક્ષકશ્રી/મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી, આ કચેરી
  ૨/- આપની કક્ષાએથી જરૂરી ફોલોઅપ લેવા સારું.
૪. કન્વીનરશ્રી, તમામ શાળા વિકાસ સંકુલ, સુરત
  ૨/- જાણ તથા અમલ સારું.

201-271

ક્રમાંક:આઈ.ટી.સેલ/આધાર/૨૦૨૧/~~૨૦૨~~-237
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯, પહેલો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તારીખ: ૨૧/૦૨/૨૦૨૨

~~200~~288

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય: પ્રાથમિક શાળાઓમાં ફાળવેલ આધારકીટ ધોરણ ૯ થી ૧૨ વિદ્યાર્થીઓના આધાર એનરોલ્મેન્ટ અને અપડેશન માટે ઉપયોગમાં લેવા બાબત

શ્રીમાન,

અત્રેની કચેરીને પ્રાથમિક નિયામકશ્રીની કચેરી પાસેથી મળેલ નવી આધાર કીટ મેળવવાની, આધાર ઓપરેટરનું એક્ટીવેશન ,પ્રક્રિયા આપના ધ્વારા હાથ ધરવામાં આવેલ છે. ઓપરેટરનું એક્ટીવેશન થયા બાદ મશીન એક્ટીવેશન તેમજ ટુ-સ્ટેપ વેરીફીકેશન જેવી કામગીરી કરવાની રહે છે જેમાં અંદાજીત ૧ મહિનાનો સમય લાગી શકે તેમ છે.કોવીડ-૧૯ ની પરસ્થિતિ ના કારણે શાળામાં ધોરણ ૯ થી ૧૨ ના ઘણા બાળકોના આધાર એનરોલ્મેન્ટ/અપડેશનની કામગીરી પડતર રહેલી છે.

હાલ આપના જિલ્લાને ફાળવેલ આધારકીટ એક્ટીવ ન થાય ત્યાં સુધી તેમજ ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓના આધાર એનરોલ્મેન્ટ અને અપડેશનની બાકી રહેલ કામગીરી ઝડપથી પૂર્ણ કરી શકાય તે હેતુથી નીચેની સુચનાનું આપના ધ્વારા પાલન કરવાનું રહેશે.

**૧) આપના ધ્વારા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી સાથે સંકલન કરી ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તેની નજીકમાં જ્યાં જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીના તાબાની આધારકીટ કાર્યરત હોય ત્યાં બાકી રહેલ વિધાર્થીઓની આધાર એનરોલ્મેન્ટ અને અપડેશનની કામગીરી સત્ર પૂર્ણ થાય તે પહેલા પૂર્ણ કરાવવા ની રહેશે.**

**૨) પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીના તાબાની હેઠળ કાર્યરત આધારકીટમાં થતી ધોરણ ૯ થી ૧૨ ના વિધાર્થીઓના આધાર એનરોલ્મેન્ટ અને અપડેશનની કામગીરીની રોજે રોજની વિગત જીલ્લા શિક્ષણાધિકારી કચેરી ધ્વારા નિભાવવાની રહેશે તેમજ તે બાળકોના આધારની વિગત ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં તાત્કાલિક અપડેટ કરાવવાની રહેશે.**

**૩) ઉક્ત કામગીરી માટે જીલ્લા શિક્ષણાધિકારી કચેરી ધ્વારા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી સાથે સંકલનમાં રહી આગામી ૬૦ દિવસ દરમિયાન થનાર કામગીરીનું આયોજન કરવાનું રહેશે**

તેમજ તેની ચુસ્ત અમલવારી થાય તે બાબતે કાળજી લેવાની રહેશે તેમજ સમયાન્તરે થતી રીવ્યુ બેઠકમાં તેની વિગત પૂરી પાડવાની રહેશે.

નોંધ પર મળેલ માનનીય નિયામકશ્રીના આદેશ અન્વયે.

સંયુક્ત નિયામક(૧૦+૨)
કમિશનર શાળાઓની કચેરી,
ગાંધીનગર

નકલ રવાના જાણ સારું:-

૧) માનનીય નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં.૧૨-૧, પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી,તમામ

૩) સેક્શન અધિકારીશ્રી,ક શાખા,બ્લોક નં ૫/૭,શિક્ષણ વિભાગ,ગાંધીનગર

૪) નાયબ સચિવશ્રી (યુઆઈડી) અને સ્ટેટ નોડલ અધિકારી, સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ), બ્લોક નં.૭/૪, સચિવાલય, ગાંધીનગર